# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE : 24/06/2026** **MORNING : 7.10 TO 7.20**
**DAY : WEDNESDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **રાજ્યભરના ૯,૧૬૫ ગામોની ૧૨,૭૨૯ શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો. બાલવાટિકામાં ભૂલકાંઓનો વિક્રમજનક પ્રવેશ.**
2. **મહોરમના તહેવારની શાંતિપૂર્ણ ઉજવણી માટે પોલીસને ચુસ્ત બંદોબસ્ત અને સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ તકેદારી રાખવા રાજ્ય પોલીસ વડાનો આદેશ.**
3. **અમદાવાદ પોલીસ અને મહાનગર પાલિકાએ ભિક્ષુકવૃત્તિ અને માનવ તસ્કરી ડામવા અભિયાન શરૂ કર્યું.**
4. **વિદ્યાર્થીઓની સુરક્ષા માટે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ટ્યૂશન ક્લાસીસમાં સઘન તપાસ.**
5. **અમદાવાદમાં 16મી જુલાઇએ યોજાનારી ભગવાન જગન્નાથની રથાયાત્રાની તડામાર તૈયારીઓ.**
6. **એવીસી મેન્સ કપ 2026માં ભારતે બહેરીનને 3-0થી હરાવી સતત ચોથી જીત મેળવી.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PRAVESHOTSAV

રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગર ખાતેથી 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ – 2026' ની 24મી કડીનો ગઇકાલથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. રાજ્યમાં સાક્ષરતાનો દર વધારવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલ શાળા પ્રવેશોત્સવમાં રાજ્યના કુલ 9 હજાર 165 ગામો અને 12 હજાર 729 શાળાઓને આવરી લેવામાં આવી. 30 હજારથી વધુ મહાનુભાવોની ઉપસ્થિતિમાં લાખો બાળકનું શાળા નામાંકન કરવામાં આવ્યું.

આ વર્ષે પ્રવેશોત્સવ દરમિયાન આંગણવાડી અને બાલમંદિરમાં 68 હજારથી વધુ, બાલવાટિકામાં 1.47 લાખથી વધુ, ધોરણ-1 માં 36 હજારથી વધુ, ધોરણ-9 માં 2.16 લાખથી વધુ તેમજ ધોરણ- 11 માં 1.15 લાખથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે.

ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં ડ્રોપ-આઉટ રેટ ઘટાડવા અને દીકરીઓ પોતાનો અભ્યાસ અધવચ્ચેથી ન છોડે તેવા ઉદેશ્ય સાથે સરકાર દ્વારા 24 હજાર 267 જેટલી શાળાઓમાં નવીન પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી. તેમજ પ્રવેશોત્સવ અંતર્ગત 920 જેટલી તેજસ્વી કન્યાઓને 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' આપીને પ્રોત્સાહિત કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે , પ્રવેશોત્સવ દરમિયાન શિક્ષણના યજ્ઞમાં જનભાગીદારી સ્વરૂપે 9 કરોડથી વધુની સહાય પ્રાપ્ત થઈ છે.

# OVERALL -PRAVESHOTSAV

મોરબી જિલ્લામાં વાંકાનેર તાલુકાના કોઠી અને મહિકા ગામે મોરબી જિલ્લા કલેક્ટર સ્વપ્નિલ ખરેના અધ્યક્ષસ્થાને , ટંકારા તાલુકાના વિરપર ખાતે શ્રમ , રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિ અમૃતિયા ઉપસ્થિતિમાં અને વાંકાનેર તાલુકાના ભેરડા ગામે વાંકાનેર ધારાસભ્યની ઉપસ્થિતિમાં 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ' અંતર્ગત કાર્યક્રમ યોજાયો.

રાજ્ય આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં જામનગર તાલુકાની વિવિધ શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરાઈ.

## (બાઇટ- પ્રફુલ પાનશેરિયા , આરોગ્ય મંત્રી)

મોરબી જિલ્લામાં વાંકાનેર તાલુકાના કોઠી અને મહિકા ગામે મોરબી જિલ્લા કલેક્ટર સ્વપ્નિલ ખરેના અધ્યક્ષસ્થાને, ટંકારા તાલુકાના વિરપર ખાતે શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિ અમૃતિયા ઉપસ્થિતિમાં અને વાંકાનેર તાલુકાના ભેરડા ગામે વાંકાનેર ધારાસભ્યની ઉપસ્થિતિમાં 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ' અંતર્ગત કાર્યક્રમ યોજાયો.

રાજકોટમાં કુવાડવા ગ્રામ મિડલ સ્કૂલ , સરકારી માધ્યમિક શાળા-બેટી અને સાયપર પ્રાથમિક શાળામાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાની ઉપસ્થિતિમાં "પ્રગતિનો પ્રવેશોત્સવ " કાર્યક્રમ યોજાયો જ્યારે કોટડા સાંગાણી તાલુકામાં આઈ.પી.એસ. વલય વૈદ્યની ઉપસ્થિતિમાં "પ્રગતિનો પ્રવેશોત્સવ-૨૦૨૬" ઉજવાયો.

તો ગીર સોમનાથ જિલ્લામાં  શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં જામવાડા અને હરમડિયાની શાળામાં બાળકોનો શાળામાં પ્રવેશ કરાવાયો.

ભરૂચ તાલુકાના કરમાડ પ્રાથમિક શાળા અને સદાનંદ વિદ્યાલય અમલેશ્વર ખાતે ગુજરાત રાજ્યના એડીશનલ ચિફ સેક્રેટરી સુ.શ્રી. અંજુ શર્માએ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવ કરાવ્યો.

પંચમહાલ જિલ્લામાં ગોધરા તાલુકાના પરવડી ખાતે જિલ્લા કલેક્ટર અજય દહીયાની ઉપસ્થિતિમાં ધોરણ-૧  ,  બાલવાટિકા તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ યોજાયો. તો મુખ્ય સચિવ એમ.કે. દાસની ઉપસ્થિતિમાં અમદાવાદની હાંસોલ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ઊજવાયો.

જ્યારે ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ અમરેલીના વાંકિયા   , ગાવડકા અને કમીગઢ ગામની શાળામાં વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ કારવાયો.

# MOHRAM SECTURITY

મહોરમના તહેવાર નિમિત્તે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકના અધ્યક્ષસ્થાને ગઇકાલે મોડી સાંજે પોલીસ ભવન ખાતેથી વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી.

આ બેઠકમાં રાજ્યના પોલીસ વડા , તમામ શહેર, જિલ્લા, રેન્જ અને યુનિટના વડાઓને મહોરમના જુલૂસ , તાજીયાના રૂટ્સ પર ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ સાથે કડક 'બંદોબસ્ત સ્કીમ' તૈયાર કરવા સૂચના આપી હતી. ગુજરાત પોલીસ દ્વારા આયોજન કરાઇ રહ્યું છે. કોમી એકતા અને શાંતિ જળવાઈ રહે તે માટે સ્થાનિક સ્તરે શાંતિ સમિતિઓ , મોહલ્લા સમિતિઓ , ધાર્મિક અગ્રણીઓ અને સમુદાયના પ્રતિનિધિઓ સાથે સંયુક્ત બેઠકો યોજવા ડીજીપીએ તાકીદ કરી હતી.

પૂરતી સંખ્યામાં **SRPF** કંપનીઓ અને પ્લાટૂનની ફાળવણી કરવામાં આવી છે. ૯૧૯ જેટલા સંવેદનશીલ સ્થળો પર ટેકનોલોજીની મદદથી એક્સ્ટ્રા એલર્ટ રહેવા જણાવાયું છે. આ ઉપરાંત રિસ્ક એસેસમેન્ટ તેમજ ૮ થી ૧૦ પોલીસ કર્મચારીઓની ટીમ બનાવી સઘન 'ફૂટ પેટ્રોલીંગ' કરવાના આદેશ અપાયા છે.

જનમેદની વાળા સ્થળો પર ડ્રોન અને સીસીટીવી કેમેરા દ્વારા નજર રાખવા ઉપરાંત પોલીસ કર્મચારીઓને ફરજ દરમિયાન 'બોડી-વોર્ન કેમેરા ' પહેરવા જણાવાયું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર બાજ નજર રાખવા જણાવાયું છે.. ટ્રાફિકના સુચારુ સંચાલન પર પણ ભાર મૂકાયો છે.

# ANTI HUMAN AND ANTY BEGGING DRIVE

અમદાવાદ પોલીસ દ્વારા ભિક્ષુકવૃત્તિ અને બાળ તસ્કરીને ઝડપવા માટે ત્રણ દિવસનું અભિયાન હાથ ધરાયું છે. જેમાં 52 જેટલા ભિક્ષુકોને આશ્રય ગૃહ ખાતે ખસેડાયા હતા. અમદાવાદ મહાનગર પાલિકા અને અમદાવાદ ક્રાઇમ બ્રાંચના સંયુક્ત ઉપક્રમે આ અભિયાન હેઠળ ભિક્ષુક વૃત્તિ કરનારા બાળકોને પણ ઉગારવામાં આવી રહ્યાં છે.

આ ઉપરાંત માનવ તસ્કરીને અટકાવવા માટે પણ અભિયાન હાથ ધરાયું હોવાનું અમદાવાદ ક્રાઇમ બ્રાંચના મહિલા સેલના એસીપી હિમલા જો શીએ જણાવ્યું હતું.

**(બાઇટ- હિમલા જોશી , ACP,**

**અમદાવાદ ક્રાઇમ બ્રાંચ મહિલા સેલ)**

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

# TUTION CLASSED DRIVE

અમદાવાદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ દ્વારા ટ્યુશન ક્લાસીસ અને એજ્યુકેશન સંસ્થાઓમાં ફાયર સેફ્ટી ચકાસણી હાથ ધરાઇ હતી..વિદ્યાર્થીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપતા અમદાવાદ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ દ્વારા શહેરમાં આવેલ ટ્યુશન ક્લાસીસ , કોચિંગ ઇન્સ્ટિટ્યૂટ , કોમ્પ્યુટર એજ્યુકેશન સેન્ટરો તથા અન્ય એજ્યુકેશન સંસ્થાઓમાં વિશેષ ફાયર સેફ્ટી ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ ઝુંબેશ દરમિયાન ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવાની જોગવાઈ હેઠળ ન આવતા એકમોની પણ મુલાકાત લઈ ન્યૂનતમ અગ્નિ સુરક્ષા વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવી હતી.

દ ફાયર એક્સ્ટિંગ્યુશર , ઇમરજન્સી એક્ઝિટ, અવરજવર માટેના માર્ગો , વિદ્યુત સુરક્ષા તેમજ અન્ય પ્રાથમિક અગ્નિ સુરક્ષા વ્યવસ્થાઓની તપાસ કરવામાં આવી હતી. ફાયર સેફ્ટી સંબંધિત ખામીઓ જણાતા 17 એકમોને નોટિસો આપવામાં આવી હતી જ્યારે એક સંસ્થાને સીલ કરવામાં આવી હતી.

# BANASKANTHA - SAMIKSHA BETHAK

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં જિલ્લાના પ્રભારી સચિવના અધ્યક્ષ સ્થાને વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ. બેઠકમાં ખેતી , પશુપાલન, શિક્ષણ, સિંચાઈ, પીવાના પાણી, માર્ગ-મકાન, વીજ જોડાણો તેમજ સોલાર યોજનાઓ સહિત વિવિધ વિકાસલક્ષી કાર્યોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી.

પ્રભારી સચિવે વિકાસના લાભો તમામ નાગરિકોને પહોંચે તે માટે તમામ વિભાગોને સંકલન, પારદર્શિતા અને ગુણવત્તા સાથે સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી.

# RATHYATRA TAIYARI

આગામી 16 જુલાઇના રોજ યોજાનારી અમદાવાદની રથયાત્રા માટે રથયાત્રા માટે મહાનગરપાલિકા દ્વારા વ્યાપક તૈયારીઓ પૂર્ણ કરી દેવાઇ છે. 13 કિમીથી વધુના રૂટ પર રોડ-ડ્રેનેજથી લઈ આરોગ્ય , ફાયર અને સફાઈ સુધી વિશેષ આયોજન હાથ ધરાયું છે.

રથયાત્રા દરમિયાન 203 ફાયરકર્મી, 7 મોબાઇલ મેડિકલ વાન, 560 ફ્લડલાઇટ અને 395 સફાઈકર્મીઓ તૈનાત રહેશે. એસ્ટેટ વિભાગ દ્વારા રથયાત્રા રૂટ પર આવેલા કુલ 633 ભયજનક મકાનો પર જાહેર ચેતવણીની નોટિસ લગાવવામાં આવી છે.

AMCના હેલ્થ વિભાગ દ્વારા 15 મેડિકલ ઓફિસર અને આશરે 100 કર્મચારીઓને ફરજ પર રાખવામાં આવશે તેવી માહિતી મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવી હતી.

**(બાઇટ)**

# AVC MEN'S VALLY BALL

અમદાવાદમાં ચાલી રહેલી એવીસી મેન્સ કપ 2026 વોલીબોલ સ્પર્ધામાં યજમાન ભારતે પોતાની શાનદાર લય જાળવી રાખતાં બહેરીનને સીધા ત્રણ સેટમાં હરાવી સતત ચોથી જીત નોંધાવી છે. આ સાથે ભારતે પૂલ-એમાં ટોચનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે.

અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રમાયેલી આ મહત્વપૂર્ણ મેચમાં ભારતીય ટીમે શરૂઆતથી જ આક્રમક રમતનું પ્રદર્શન કર્યું હતું.

આ જીત સાથે ભારતે ચારેય મેચ જીતીને 12 પોઇન્ટ મેળવ્યા છે અને પૂલ-એમાં પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. પૂલ-એમાં બહેરીન 6 પોઇન્ટ સાથે બીજા સ્થાને છે , જ્યારે કઝાકિસ્તાન , ચાઇનીઝ તાઇપેઇ , ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા અનુક્રમે ત્યારબાદના સ્થાનો પર છે.

પૂલ-બીમાં ઇન્ડોનેશિયા અને થાઇલેન્ડ વચ્ચે રોમાંચક મુકાબલો જોવા મળ્યો હતો. પાંચ સેટ સુધી ચાલેલી મેચમાં ઇન્ડોનેશિયાએ 3-2 થી વિજય મેળવ્યો હતો. પૂલ-બીમાં હાલ થાઇલેન્ડ 6 પોઇન્ટ સાથે પ્રથમ સ્થાને છે , જ્યારે ઇન્ડોનેશિયા બીજા સ્થાને છે.

# SURENDRANAGAR - DEMOLITION

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે દબાણ હટાવો અભિયાન અંતર્ગત  કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન **45** ગલ્લા અને **15** કાચા ઝુપડા દૂર કરવામાં આવ્યા.

જાહેર જગ્યાઓ, ફૂટપાથ અને રસ્તાઓ પર કોઈપણ પ્રકારનું દબાણ ન કરવા મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. દબાણ કરનારા વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# WEATHER

ચોમાસું હવે ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. મહારાષ્ટ્રમાં ચોમાસું આગળ વધ્યા બાદ ગુજરાતમાં પણ 26 જૂનની આસપાસ ચોમાસું સત્તાવાર રીતે બેસે તેવી શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હાલ માટે રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જળવાઈ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના વડા ડો. એ. કે. દાસે રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

બીજી તરફ મધ્ય અને ઉત્તર ગુજરાતમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા તેજ પવન સાથે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે માછીમારોને સાવચેત રહેવાની સૂચના આપી છે.